રાજ્યની ૦૪ સરકારી કૉલેજો અને ૩૫ બિનસરકારી ગ્રાન્ટ ઇન એઇડ કૉલેજોનું જોડાણ(Affiliation) ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર સાથે કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ એચઆરઇ/૨૦૨૦/૫૭૨/ખ-૧
તા.૨૯/૦૫/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત એક્ટ, ૨૦૧૦

(૨) કુલપતિ શ્રી, ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન,ગાંધીનગરની તા.૧૭/03/૨૦૨૦ની દરખાસ્ત

આમુખઃ

ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત એક્ટ, ૨૦૧૦ ની કલમ-૬(૩૪-એ)ની જોગવાઇ મુજબ કોઇપણ કોલેજ/ઇન્સ્ટિટ્યુટમાં ચાલતા બી.એડ. અભ્યાસક્રમને જરૂરિયાત મુજબ આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગર સાથે એફિલિએટ કરવાની સત્તાઓ રાજ્ય સરકારને સુપરત કરવામાં આવી છે.

જે મુજબ ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર (આઇ.આઇ.ટી.ઇ.)ની ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-૨ની દરખાસ્તથી સામેલ પરિશિષ્ટમાં જણાવાયેલ રાજ્યની ૦૯ યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલ ૦૪ સરકારી અને ૩૫ ગ્રાન્ટ ઇન એઇડ બી.એડ. કોલેજોને જે-તે સંલગ્ન યુનિવર્સિટીમાંથી ડિ-એફિલિએટ કરી ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર સાથે એફિલિએટ કરવા બાબતે મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવી હતી.

આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોમાં ચાલતા બી.એડ.ના અભ્યાસક્રમનુ એફિલિએશન આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગર સાથે કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

કાળજી પુર્વકની વિચારણાને અંતે આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવાયેલ રાજ્યની ૦૯ યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલ ૦૪ સરકારી અને ૩૫ ગ્રાન્ટ ઇન એઇડ એમ કુલ ૩૯ કૉલેજોમાં ચાલતા બી.એડ. અભ્યાસક્રમોને ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર

એજ્યુકેશન, ગાંધીનગર(આઇ.આઇ.ટી.ઇ.) સાથે જોડાણ(affiliation) મેળવવાની મંજુરી નીચેની શરતોને અધીન આપવામાં આવે છે.

(૧) રાજ્યની વિવિધ ૦૯ યુનિવર્સિટીઓ દ્વારા તેમની સાથે એફિલિએટેડ કોલેજોને શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ થી ડિ-એફિલીએટ કરવાની રહેશે અને તે અંગેની જાણ જે તે કૉલેજ, આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગર અને શિક્ષણ વિભાગને કરવાની રહેશે.

(૨) આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ તમામ કોલેજોએ આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગરનું જોડાણ ફોર્મ અને નિયત ઇન્સપેકશન ફી ₹ ૫૦૦૦/- આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગર દ્વારા ઠરાવવામાં આવે તે રીતે ભરવાના રહેશે. આ સંસ્થાઓ સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ હોવાથી તેમને કોલેજ જોડાણ ફી ₹ ૨૫,૦૦૦/- ભરવાના રહેશે નહીં.

(૩) આઇ.આઇ.ટી.ઇ., ગાંધીનગર દ્વારા લોકલ ઈન્સપેકશન કમિટી(LIC)ની કામગીરી હાથ ધરવામાં આવશે.

(૪) ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત એક્ટ, ૨૦૧૦ ની કલમ ૨૩(૩)ની જોગવાઇ મુજબ આઇ.આઇ.ટી.ઇ.,યુનિવર્સિટીના સત્તામંડળો દ્વારા જોડાણ મંજૂરી અંગેની કાર્યવાહી કરીને યુનિવર્સિટી દ્વારા જોડાણ અંગેનું જાહેરનામુ બહાર પાડવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

રોનક મહેતા

( રોનક મહેતા )
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

<u>બિડાણ</u>: પરિશિષ્ટ

પ્રતિ,

- સચિવશ્રી, નામ. રાજ્યપાલશ્રીની કચેરી, રાજભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ. અને ટે.શિ.)ના અંગત મદદનીશ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કુલપતિશ્રી, ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ઈન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, પરિશિષ્ટ માં જણાવેલ ૦૯ યુનિવર્સિટીઓ
- આચાર્યશ્રી, પરિશિષ્ટમાં જણાવેલ ૩૯ કોલેજો (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)
- સીલેક્ટ ફાઇલ.

શિક્ષણ વિભાગના તા.૨૯/૦૫/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંકઃ એચઆરઇ/૨૦૨૦/૫૭૨/ખ-૧ સાથેનું

## પરિશિષ્ટ

| ક્રમ | કોલેજનું નામ | શહેર | જિલ્લો | NCTE કોડ | કોલેજનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| | **ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ** | | | | |
| ૧ | ડૉ. સુભાષ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન | જુનાગઢ | જુનાગઢ | ૩૨૩૦૨૦ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| | **ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ** | | | | |
| ૨ | શ્રીમતી ઉલ્લાસબેન ગોરધનદાસ કોલેજ ઓફ એજ્યુકેશન | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૦૩ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૩ | પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૦૬ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૪ | વૈદ્ય શ્રી એમ.એમ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૧૧ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૫ | એમ.એન.શુક્લ કોલેજ ઓફ એજ્યુકેશન | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૧૮ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૬ | શ્રીમતી એમ.એન.કે. દલાલ એજ્યુકેશન કોલેજ ફોર વુમન | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૨૦ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૭ | એ.જી. ટીચર્સ કોલેજ | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૨૫ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| | **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ** | | | | |
| ૮ | ગવર્મેન્ટ કોલેજ ઓફ એજ્યુકેશન, મેઘરજ | મેઘરજ | અરવલ્લી | ૩૨૩૦૬૯ | ગવર્મેન્ટ |
| ૯ | ડી.ડી. ચોક્સી બી.એડ. કોલેજ | પાલનપુર | બનાસકાંઠા | ૩૧૩૦૦૧ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૧૦ | સેકન્ડરી ટીચર ટ્રેનિંગ કોલેજ | વિસનગર | મહેસાણા | ૩૧૩૦૦૪ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૧૧ | લીલાવતી નંદલાલ કિલાચંદ કોલેજ ઓફ એજ્યુકેશન | પાટણ | પાટણ | ૩૧૩૦૦૫ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૧૨ | બી.ડી.શાહ કોલેજ ઓફ એજ્યુકેશન | મોડાસા | અરવલ્લી | ૩૧૩૦૦૮ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૧૩ | કોલેજ ઓફ એજ્યુકેશન | દરમાલી | સાબરકાંઠા | ૩૨૩૨૨૮ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૧૪ | સ્વામી વિવેકાનંદ સર્વોદય બેન્ક એજ્યુકેશન કોલેજ | મહેસાણા | મહેસાણા | ૩૧૩૦૦૭ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| | **ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ** | | | | |
| ૧૫ | એસ.ડી.શેઠીયા કોલેજ ઓફ એજ્યુકેશન | મુંદ્રા | કચ્છ | ૩૧૩૦૨૬ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| | **મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર** | | | | |
| ૧૬ | શ્રી જી.એચ.સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય | ભાવનગર | ભાવનગર | ૩૧૩૦૧૬ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| | **સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ-વિદ્યાનગર** | | | | |
| ૧૭ | આણંદ એજ્યુકેશન કોલેજ | આણંદ | આણંદ | ૩૧૩૦૦૯ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૧૮ | શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન | ખંભાત | આણંદ | ૩૧૩૦૧૨ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૧૯ | શ્રીમતી એસ.આઈ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન | પેટલાદ | આણંદ | ૩૧૩૦૧૪ | ગ્રાન્ટ-ઈન-એઈડ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | શ્રી આર.પી.અનડા કોલેજ ઓફ એજ્યુકેશન | બોરસદ | આણંદ | ૩૧૩૦૧૫ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૨૧ | એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન | આણંદ | આણંદ | ૩૧૩૦૨૨ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૨૨ | એચ.એમ.પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લીશ ટ્રેનિંગ & રીસર્ચ | વલ્લભ-વિદ્યાનગર | આણંદ | ૩૧૪૦૦૧ | ગ્રાન્ટ-ઈન-એઈડ |

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩ | શ્રી સી.એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન | | સુરેન્દ્રનગર | ૩૧૩૦૧૭ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૨૪ | દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય | જામનગર | જામનગર | ૩૧૩૦૨૯ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૨૫ | શ્રીમતી એમ.એમ.શાહ કોલેજ ઓફ એજ્યુકેશન | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | ૩૧૩૦૩૨ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૨૬ | શ્રીમતી જે.જે.કુંડલીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ | રાજકોટ | રાજકોટ | ૩૧૩૦૪૫ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૨૭ | શ્રી પી.ડી.માલવીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ | રાજકોટ | રાજકોટ | ૩૧૩૦૪૭ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૨૮ | શ્રી શારદાપીઠ આર્ટ્સ, કોમર્સ એન્ડ એજ્યુકેશન કોલેજ | દ્વારકા | દ્વારકા | ૩૧૩૦૫૦ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૨૯ | ઈન્સ્ટીટ્યુટ ઓફ લેંગ્વેજ ટીચીંગ | રાજકોટ | રાજકોટ | ૩૧૩૦૪૦ | ગ્રાન્ટ-ઈન-એઈડ |

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦ | ગવર્મેન્ટ બી.એડ. કોલેજ, નસવાડી | નસવાડી | છોટાઉદેપુર | ૩૨૩૦૭૪ | ગવર્મેન્ટ |
| ૩૧ | શ્રી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન | ગોધરા | પંચમહાલ | ૩૧૩૦૦૪ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૩૨ | શેઠ મોતીલાલ નાથાભાઈ કોન્ટ્રાક્ટર કોલેજ ઓફ એજ્યુકેશન | ડભોઈ | વડોદરા | ૩૧૩૦૩૫ | ગ્રાન્ટ-ઈન-એઈડ |

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૩ | ગવર્મેન્ટ બી.એડ. કોલેજ, કાછલ | કાછલ | સુરત | ૩૨૩૦૭૩ | ગવર્મેન્ટ |
| ૩૪ | ગવર્મેન્ટ બી.એડ. કોલેજ, વાંસદા | વાંસદા | નવસારી | ૩૨૩૦૬૮ | ગવર્મેન્ટ |
| ૩૫ | શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય | બીલીમોરા | નવસારી | ૩૧૩૦૨૪ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૩૬ | વી.ટી.ચોક્સી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન | સુરત | સુરત | ૩૧૩૦૨૮ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૩૭ | કોલેજ ઓફ એજ્યુકેશન | ખરોડ | ભરૂચ | ૩૧૩૦૩૬ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૩૮ | શ્રીમતી વસંતીબેન રણછોડભાઈ ભક્તા કોલેજ ઓફ એજ્યુકેશન | કામરેજ | સુરત | ૩૧૩૦૪૮ | ગ્રાન્ટ-ઈન-એઈડ |
| ૩૯ | સ્નાતક અધ્યાપન મંદિર | વેડછી | તાપી | ૩૧૩૦૫૨ | ગ્રાન્ટ-ઈન-એઈડ |

* * *